


**આચમન** — **બિપિન પટેલ**

કેવી છે માનવીની મનોદશા?! તે દરરોજ જુએ છે. જાણે છે. સમજે છે, વિચારે છે કે આ પૃથ્વી પર જે આવ્યો છે તે એક ને એક દિવસ ચાલ્યો જવાનો છે. કોઈ અમરપટો લખાવીને આવતું નથી. સ્વયં ભગવાન પણ જયારે માનવદેહ ધારણ કરે છે ત્યારે અમરતા લઈને નથી આવતા. આ બધું જાણવા છતાં કેવું છે માનવીનું મન?! બસ! રાતદિવસ તે બધું ભેગું કરતો રહે છે. ધન-દોલત, ગાડી-બંગલા, વાડી-વજીફા! તેને તૃપ્તિ કદી થતી જ નથી!! હજી પણ વધુ હજી પણ વધુ. બસ, એ જ રટણ તેના મનમાં પડઘાતું રહે છે અને એમ જ તેના શ્વાસ પૂરા થતા રહે છે!

જરા થોભો અને વિચારો! આ પૃથ્વી પર આપણે થોડા સમયના મહેમાન છીએ, માલિક નથી! છીએ મહેમાન છતાં માલિક જેવો વ્યવહાર કરીએ એ જ તો ભારે વિડંબના છે. સૃષ્ટિ એક રંગમંચ છે અને આપણે સૌ એ રંગમંચનાં વિવિધ પાત્રો છીએ. બીજા શબ્દોમાં કહીએ તો પરમાત્મા સૂત્રધાર છે અને આપણે સૌ તેમની કઠપૂતળીઓ છીએ. તેઓ જેમ નચાવે તેમ આપણે નાચવાનું છે. પરંતુ કેવી છે જીવની દશા?! એ બધું જ ભૂલી જઈને જીવ દરરોજ નવી નવી ચીજવસ્તુઓનો માલિક બનવાનો દાવો કરતો જાય છે. જમીન-જાયદાદ, ગાડીબંગલા, માલ-મિલકત પર પોતાની માલિકીની મજબૂત મહોર લગાવતો જાય છે અને જે પોતાની સાથે નથી જ આવવાનું તેને પોતાનું માનીને અભિમાન કરતો રહે છે. તે જાણે જ છે કે જે સંપત્તિ પર તે પોતાની માલિકીની મહોર લગાવી રહ્યો છે તે તેની થવાની નથી! અરે! સાચા અર્થમાં તો તેની નથી જ ! કયારેક તેના મનમાં પ્રશ્ન ઊઠતો પણ હશે કે જે સંપત્તિ મારી નથી કે મારી સાથે આવવાની નથી તેની પાછળ મારે શા માટે પાગલ બનવું જોઈએ? કિંતુ આત્માના અવાજ સમાન આવા તો કેટલાય પ્રશ્નોને તે ઊગતા જ દબાવી દે છે અને પેલું બધું સમેટવામાં જ તે તેનું જીવન પૂરું કરે છે.

ગોસ્વામી તુલસીદાસજી રચિત શ્રીરામ ચરિતમાનસનાં પ્રત્યેક પાત્રો આપણને કોઈ ને કોઈ મૂલ્યવાન સૂત્ર આપે છે. આ દિશામાં ભગવાન શ્રીરામના અનુજ ભરતજી સૌને સાવધાન કરતાં એક સૂત્ર આપે છેઃ સંપત્તિ સબ રઘુપતિ કે આહી-આ જગતમાં આપણું કંઈ જ નથી! આ જગતની બધી જ સંપત્તિ શ્રી રઘુનાથજીની જ છે એટલે કે ભગવાન શ્રીરામની છે.

ભગવાનની એ સંપત્તિની રક્ષા કરવી, તેની સંભાળ રાખવી, તેની કાળજી રાખવી એ આપણે ફરજ છે. આપણે એ સંપત્તિના માલિક નથી પણ વ્યવસ્થાપક છીએ. ભરતજીના કહેવાનો મર્મ એ છે કે જેમ એક બેંકનો કેશિયર દિવસભર અનેક રૂપિયાની લેવડદેવડ કરે છે, તેના હાથમાંથી અસંખ્ય ચલણી નોટો પસાર પણ થાય છે અને હાથમાં આવે પણ છે પરંતુ તેના મનમાં એક ક્ષણ માટે પણ એવો ભાવ નથી થતો કે આ બધું મારું છે! તે સમજે છે અને માને છે કે એ બધી સંપત્તિનો સાચો માલિક તો બેંક છે. હું તો કેવળ તેનો સેવક કર્મચારી જ છું! મારે મારી એ સેવા નિષ્ઠાપૂર્વક નિભાવવાની છે!

જસ્ટ એ મિનિટ, માતા કૈકેયીએ તો કુટિલ ચાલ ચાલીને ભરત માટે અયોધ્યાનું રાજ માગી લીધું પરંતુ ભરતને એ મંજૂર ન હતું! તેમને મન તો એ રાજયના અને રાજ્યની સંપત્તિના સાચા માલિક તો એક માત્ર ભગવાન શ્રી રામ જ છે. જે સંપત્તિ અને જે અધિકાર મારો નથી તેના પર હું મારી માલિકીની મહોર શી રીતે લગાવી શકું? ભરતની તો એ જ માન્યતા છે કે સંપત્તિ સબ રઘુપતિ કે આહી-અહીં જે કંઈ છે તે બધું જ મારા પ્રભુ શ્રી રામનું મારે તો નિષ્ઠાપૂર્વક તેની વ્યવસ્થા કરવાની છે, તેની રક્ષા કરવાની છે. જો તેમ ન કરી શકું તો મારો સેવકધર્મ લજાય! ભરત આપણને સૌને સાવધાન કરે છે કે આ જગત ભગવાન શ્રીરામનું છે, તેની સઘળી સંપત્તિ ભગવાન શ્રી રામની છે! તમે તો સેવક છો, વ્યવસ્થાપક છો! જો તમે

> **આ પૃથ્વી પર આપણે થોડા સમયના મહેમાન છીએ, માલિક નથી! છીએ મહેમાન છતાં માલિક જેવો વ્યવહાર કરીએ એ જ તો ભારે વિડંબના છે**

ભગવાન શ્રી રામની એ સંપત્તિને તમારી પોતાની માનીને ગળે લટકાવીને ફરશો તો તમારે માટે એ બંધનકર્તા બેડી બનશે. તમે અપરાધી બનશો અને તેની સજારૂપે નક્કી કરવાનું છે કે તમારે શું જોઈએ છે- બંધન કે મુક્તિ?!

---

# આપણને અધિકાર શું?

**અજવાળાં** — **દુર્ગેશ ઉપાધ્યાય**



એ સમયની વાત છે, જયારે રાજાઓ તલવારના જોરે પોતાની સીમા વધારવા બીજાની હદનાં ગામો પર ચઢાઈ કરી મારકાપ કરતા હતા, જેથી લોકો ડરીને ગામ-ખેતરો છોડી દેતાં હતાં અને તે રાજા કે બાદશાહ તેનો કબજો કરી લેતો હતો.

મરાઠા સરદાર બાજીરાવ પેશ્વાએ પણ પોતાના રાજ્યની હદ વધારવા માળવા પર ચઢાઈ કરી હતી અને સતત ત્રીસ દિવસ સુધી વિસ્તારને ઘેરો નાખ્યો હતો. માળવાના લોકોએ મચક આપી નહીં. પેશ્વાની સેનાનું અન્ન ખૂટી ગયું, ઘણા સૈનિકો મરી ગયા હતા, ઘણા ભૂખે મરતા હતા. બાજીરાવ વિચારવા માંડયો, હવે ઉપાય શું કરવો? છેવટે સેનાપતિને હુકમ કર્યો કે આજુબાજુનાં ગામ કે ખેતરોમાંથી જે અનાજ મળે તે લૂંટી લાવો. સેનાપતિ કેટલાક સૈનિકોને લઈ ખોરાકની શોધમાં નીકળ્યો. રસ્તે જતા હતા પણ આસપાસનાં બધાં ખેતરો ઉજ્જડ હતાં. ત્યાં રસ્તામાં એક ખેડૂત મળ્યો. એ ખેડૂતને પકડી સૈનિકોએ પાકનાં ખેતરો બતાવવા કહ્યું.

ખેડૂતે વિચાર્યું કે, આ લોકોને ના કહીશ તો મારી નાખશે અને ખેતરો બતાવીશ તો મારા જ ગામનાં લોકોનાં ખેતરો લૂંટશે પણ હવે ઉપાય શું? એ કંઈ વિચારતો પેલા સૈનિકો સાથે ચાલવા માંડ્યો. થોડે દૂર ગયા, ત્યાં પાકથી લચી પડેલાં ખેતરો આવ્યાં. નાયકે કહ્યું, ‘‘આ ખેતર સારાં છે અહીંથી પાક લૂંટી લો.’’

પેલા ખેડૂતે કહ્યુંઃ ‘‘ના સરકાર, આના કરતાં પણ સારાં ખેતરો આગળ આવશે.’’

સેનાનાયક માની ગયો, ચાલો બધા આગળ ચાલો. થોડે આગળ ચાલો.

થોડે આગળ ગયા ને બીજાં સરસ ખેતરો આવ્યાં. આ ખેતર બરાબર છે. ચાલો લઈ લો. એમ સરદારે કહ્યું. પેલો ખેડૂત બોલ્યો, ‘‘સરકાર હજુ સારાં ખેતરો આવશે. થોડા આગળ જઈએ.’’ એટલે પેલો સરદાર તાડૂકયો, ‘‘હજી કેટલાં સારાં ખેતરો દૂર છે?’’ ખેડૂતે કહ્યું, ‘‘બસ હવે જરા જ આગળ જઈએ.’’ થોડે દૂર બધા ગયાં ત્યાં એક ઉજ્જડ ખેતર આવ્યું એટલે ખેડૂતે કહ્યું, ‘‘સરકાર આ ખેતર છે. અહીંથી જેતે લઈ જાવ.’’

સરદારે કહ્યું, ‘‘આ ખેતર તો ઉજ્જડ છે. અહીં કશું નથી. શું લઈએ? તેં અમારી સાથે છેતરપિંડી કરી છે, તને સજા કરીશું.’’ ત્યારે ખેડૂતે કહ્યું, ‘‘સરકાર, જે સજા કરો તે મને સ્વીકાર્ય છે પણ આગળ ગયાં તે ખેતરો બીજા ખેડૂતોનાં હતાં એટલે એ બતાવવાનો મને અધિકાર નથી પણ આ ખેતર મારું છે એટલે મેં એ બતાવ્યું. અહીંથી જે હોય તે લઈ જાવ.’’

આ વાત સાંભળી સરદારને આશ્ચર્ય થયું, એણે

> **સરકાર, જે સજા કરો તે મને સ્વીકાર્ય છે પણ આગળ ગયાં તે ખેતરો બીજા ખેડૂતોનાં હતાં એટલે એ બતાવવાનો મને અધિકાર નથી પણ આ ખેતર મારું છે એટલે મેં એ બતાવ્યું. અહીંથી જે હોય તે લઇ જાવ**

ઉગામેલી ચાબૂક નીચી કરી દીધી અને ખેડૂતની સચ્ચાઈ, નીતિમત્તા કે ગામ લોકો પ્રત્યેની વફાદારી જોઈ સરદારે એને છોડી દીધો અને કહ્યું, ‘‘અમે ગામલોકોને પૈસા આપી અનાજ લઈ જઈશું’’ અને તેમણે એમ કર્યું. વાત જાણે એમ છે કે, અન્યની મિલકત લૂંટ માટે લૂંટારાને બતાવવી એ પણ ખોટું છે. આપણને અધિકાર શું?

---



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા.૨ થી તા.૮ માર્ચ 2026

### તા.૨ સોમવાર
ફાગણ સુદ ચૌદસ- વ્રતની પૂનમ,હોલિકાદહન,જૈન ચોમાસી ચૌદસ, હુતાશની પૂનમ.

### તા.૩ મંગળવાર
ફાગણ પૂનમ, મહાપ્રભુ ચૈતન્ય જયંતી, ખગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં દેખાશે), હોળાષ્ટક સમાપ્ત.

### તા. ૪ બુધવાર
ફાગણ વદ એકમ, ધૂળેટી, કરિ દિન, વસંત ઉત્સવ પ્રારંભ, રાષ્ટ્રીય સુરક્ષા દિન.

### તા.૫ ગુરુવાર
ફાગણ વદ બીજ, સંત તુકારામ બીજ.

### તા.૬ શુક્રવાર
ફાગણ વદ ત્રીજ સંકટ ચોથ, શિવાજી જયંતી (તિથિ પ્રમાણે)

### તા.૭ શનિવાર
ફાગણ વદ ચોથ

### તા.૮ રવિવાર
ફાગણ વદ પાંચમ રંગ પાંચમ, શ્રી પંચમી, વિશ્વ મહિલા દિન.

## સુવિચાર

“હરિનામમાં જ હૃદયની સાચી શાંતિ વસે છે.”

“જ્યાં ભક્તિ છે, ત્યાં ભગવાન પોતે નિવાસ કરે છે.”

“અહંકાર છોડો, પ્રેમ અપનાવો – એ જ સાચો ધર્મ છે.”

“હરિનું નામ અંધકારમાં પ્રકાશ સમાન છે.”